ભારદારી વાહનોની અવરજવર સ્થાનિક લોકો અને નાના વાહનચાલકો માટે જોખમી

નારેશ્વર પાલેજ રોડ પર રેતી ભરેલા ડમ્પરે એક્ટિવાને ટક્કર મારતા સર્જાયો અકસ્માત

અકસ્માતને પગલે થોડા સમય માટે ટ્રાફિકજામ સર્જાયો

(પ્રતિનિધિ) વડોદરા. તા.8

કરજણ તાલુકામાં આજે વધુ એક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં બેફામ દોડતા રેતી ભરેલા ડમ્પરે એક્ટિવા ચાલકને જોરદાર ટક્કર મારી દીધી હતી. આ ઘટના નારેશ્વર-પાલેજ રોડ પર બની હતી, જ્યાં રોજિંદા ભારે વાહનોની અવરજવર વચ્ચે સ્થાનિક લોકો અને નાના વાહનચાલકો માટે જોખમ વધતું જાય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, એક્ટિવા ચાલક પોતાના કામસર જઈ રહ્યો હતો ત્યારે અચાનક પાછળથી ઝડપભેર આવી રહેલા રેતી ભરેલા ડમ્પરે તેને ટક્કર મારી દીધી. ટક્કર એટલી જોરદાર હતી કે એક્ટિવા સવારને ઈજાઓ પહોંચી હતી અને વાહનને પણ ખુબ જ નુકસાન થવા પામ્યું હતું. અકસ્માત બાદ આસપાસના લોકો તરત જ મદદ માટે દોડી આવ્યા અને ઈજાગ્રસ્તને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

સ્થળ પર હાજર લોકોએ જણાવ્યું કે આ રોડ પર સતત ઓવરલોડેડ અને બેફામ દોડતા ડમ્પરોના કારણે અકસ્માતોની સંખ્યા વધી રહી છે. ઘણી વખત ડ્રાઈવરો ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા હોવાના આક્ષેપો પણ થયા છે. સ્થાનિકોએ આ બાબતે તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો છે અને કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

આ અકસ્માતને પગલે થોડા સમય માટે ટ્રાફિક જામ જેવી પરિસ્થિતિ પણ સર્જાઈ હતી, જેને પોલીસે પહોંચી ને કાબૂમાં લીધી હતી. પોલીસે ડમ્પર ચાલક સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હોવાનું જાણવા મળે છે.

સ્થાનિક નાગરિકોનો આક્ષેપ છે કે જો સમયસર નિયંત્રણ પગલાં લેવામાં ન આવે, તો આવી ઘટનાઓ વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે. તેમણે તંત્રને વિનંતી કરી છે કે નારેશ્વર-પાલેજ રોડ પર સ્પીડ કંટ્રોલ, નિયમિત ચેકિંગ અને સીસીટીવી મોનિટરિંગ જેવી વ્યવસ્થાઓ અમલમાં મૂકવામાં આવે, જેથી ભવિષ્યમાં આવા દુર્ઘટનાઓ અટકાવી શકાય. આ ઘટના ફરી એકવાર રસ્તા સુરક્ષાની ગંભીર સ્થિતિ પર પ્રશ્નચિહ્ન ઊભું કરે છે અને જવાબદાર તંત્ર માટે ચેતવણીરૂપ બની છે.

વૈશ્વિક કટોકટી વચ્ચે 18 કરોડથી વધુ સિલિન્ડરનું વિતરણ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વૈશ્વિક ઊર્જા કટોકટીના પડકારજનક પરિસ્થિતિઓ વચ્ચે ભારત સરકારે ઘરેલું LPG પુરવઠો સતત જાળવી રાખવામાં સફળતા મેળવી છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય (MoPNG) દ્વારા 1 માર્ચ 2026થી અત્યાર સુધીમાં દેશભરમાં 18 કરોડથી વધુ સિલિન્ડરનું વિતરણ કરવામાં આવ્યું છે, જ્યારે દરરોજ સરેરાશ 60 લાખથી વધુ સિલિન્ડર સપ્લાય થઈ રહ્યા છે. ભારતની LPG માટે આશરે 60 ટકા આયાત નિર્ભરતા અને હોર્મુઝની સામુદ્રધુની પર કેન્દ્રિત વૈશ્વિક પુરવઠાને ધ્યાનમાં રાખીને સરકારે સ્થાનિક ઉત્પાદન વધારવા તેમજ વિવિધ દેશોમાંથી સોર્સિંગ વધારવાના પગલાં લીધા છે. પરિણામે સપ્લાય લાઇન સ્થિર રહી છે અને સરેરાશ ડિલિવરી સમય લગભગ ત્રણ દિવસ રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં માંગમાં અચાનક વધારો અને લાસ્ટ-માઈલ અવરોધોને કારણે ક્ષણિક વિલંબ નોંધાયો હતો, પરંતુ ફિલ્ડ લેવલ મોનિટરિંગ મજબૂત કરીને સ્થિતિ સુધારાઈ રહી છે.

PM ઈ-બસ સેવા અંતર્ગત ગોત્રી ખાતે ડેપોની કામગીરી તેજ, એક મહિનામાં સંપન્ન કરાશે

મ્યુનિ. કમિ. અરુણ મહેશ બાબુએ નિર્માણાધીન સ્થળની મુલાકાત લઈ કામગીરીનું કર્યું નિરીક્ષણ

(પ્રતિનિધિ) વડોદરા. તા.8

વડોદરા શહેરના જાહેર પરિવહન ક્ષેત્રે ટૂંક સમયમાં જ એક નવું સોપાન ઉમેરાવા જઈ રહ્યું છે. ભારત સરકારની મહત્વકાંક્ષી 'PM ઈ-બસ સેવા' યોજના અંતર્ગત વડોદરા શહેરને ફાળવવામાં આવેલી ઈલેક્ટ્રિક બસો માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર હવે આખરી ઓપ લઈ રહ્યું છે. શહેરના ગોત્રી વિસ્તારમાં આ બસો માટે તૈયાર થઈ રહેલા સિવિલ અને ઈલેક્ટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રગતિ નિહાળવા માટે આજે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ સ્થળ મુલાકાત લીધી હતી.

કમિશનરે ગોત્રી ખાતે ચાલી રહેલી કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેઓએ હાજર રહેલા સિવિલ અને ઈલેક્ટ્રિકલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે ટેકનિકલ ચર્ચાઓ કરી હતી અને કામની ગુણવત્તા જળવાઈ રહે તે બાબતે ખાસ ભાર મૂક્યો હતો. કમિશનરે સ્પષ્ટ સૂચના આપી હતી કે, તમામ સિવિલ અને ઈલેક્ટ્રિકલ કામગીરી ઝડપથી પૂર્ણ કરવી. નિર્ધારિત સમય મર્યાદાનું ચુસ્તપણે પાલન કરવું. આગામી એક મહિનાની અંદર સમગ્ર કામગીરી પૂર્ણ કરી દેવી જેથી નાગરિકોને વહેલી તકે સેવાનો લાભ મળે.

વડોદરા શહેરને પ્રદૂષણ મુક્ત પરિવહન આપવા માટે તંત્ર સજ્જ છે. ગોત્રી ડેપો ખાતે ચાર્જિંગ સ્ટેશન અને જરૂરી સુવિધાઓ તૈયાર થતાની સાથે જ કેન્દ્ર સરકાર તરફથી તબક્કાવાર ઈ-બસોની ફાળવણી શરૂ કરવામાં આવશે. પ્રથમ તબક્કાની બસો માટેનું માળખું એક મહિનામાં કાર્યરત કરવાનો અમારો નિર્ધાર છે.

સોરર ટેક્સટાઈલ સોલ્યુશન્સ દ્વારા કરજણમાં રક્તદાન શિબિર યોજાઈ

ઇન્દુ બ્લડ બેંકના સહયોગથી સતત ત્રીજા વર્ષે 150 યુનિટ રક્ત એકત્રિત

(પ્રતિનિધિ) કરજણ તા.4

સમાજસેવાના ઉદ્દેશ સાથે સોરર ટેક્સટાઈલ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા કરજણ ખાતે રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્દુ બ્લડ બેંકના સહયોગથી સતત ત્રીજા વર્ષે યોજાયેલી આ શિબિરમાં આશરે 150 જેટલા બ્લડ યુનિટ એકત્રિત કરવામાં આવ્યા હતા, જે માનવસેવાના ઉત્તમ ઉદાહરણરૂપ બન્યા છે.

કંપનીના એચ.આર. હેડ અર્જુનસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, કંપની હંમેશા પોતાની સામાજિક જવાબદારી પ્રત્યે પ્રતિબદ્ધ રહી છે અને આવા સેવા કાર્યક્રમો દ્વારા સમાજને ઉપયોગી યોગદાન આપવાનું સતત ચાલુ રાખશે.

આ રક્તદાન શિબિરનું ઉદ્ઘાટન ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગના ડેપ્યુટી ડિરેક્ટર એ.વી. ગોસ્વામી તેમજ અસિસ્ટન્ટ લેબર કમિશનર દીપક ચૌહાણના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કંપનીના કર્મચારીઓ ઉપરાંત કરજણ-પોર ઈન્ડસ્ટ્રીયલ બેલ્ટ વિસ્તારમાં આવેલી વિવિધ કંપનીઓના દાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રક્તદાન કર્યું હતું, જેના કારણે શિબિરને નોંધપાત્ર સફળતા મળી હતી.

મતદાન મથકના 100 મીટર ત્રિજ્યામાં પ્રચાર પર પ્રતિબંધ

વડોદરા : રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા વડોદરા જિલ્લામાં ચાર નગરપાલિકા, આઠ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી જાહેર કરવામાં આવી છે. મતદાન તા. ૨૬/૦૪/૨૦૨૬ના રોજ સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી યોજાશે અને મતગણતરી તા. ૨૮/૦૪/૨૦૨૬ના રોજ થશે. શાંતિપૂર્ણ અને નિર્ભય મતદાન માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કલમ-૧૬૩ હેઠળ પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડાયું છે. મતદાનના દિવસે મતદાન મથક અને ૧૦૦ મીટરના વિસ્તારમાં પ્રચાર, મતદારોને પ્રભાવિત કરવાનો પ્રયાસ તથા ધાકધમકી પર પ્રતિબંધ રહેશે. વાહનો સાથે આવવા અને મોબાઈલ સહિતના સંચાર સાધનો લઈ જવા પર પણ મનાઈ છે. અધિકૃત કર્મચારીઓ અને નિર્ધારિત વ્યક્તિઓને જ પ્રવેશ મળશે. આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે તેમજ પ્રતિબંધિત ઈલેક્ટ્રોનિક સાધનો કે મોબાઈલ જપ્ત કરવામાં આવશે.

વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે વડોદરામાં આરોગ્ય જાગૃતિ બેઠક યોજાઈ

યોગ્ય આહાર, નિયમિત વ્યાયામ અને સકારાત્મક વિચારધારા અપનાવવા પર ભાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી નિમિત્તે ઈન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશન્સ વડોદરા અને નિસા ન્યુરો વેવ વડોદરાના સંયુક્ત ઉપક્રમે આરોગ્ય જાગૃતિ અંગે વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રેરણા આપવાનો હતો.

બેઠક દરમિયાન આજના સમયમાં વધતા માનસિક તણાવ, ખોટી જીવનશૈલી અને પ્રદૂષણના કારણે વધી રહેલા વિવિધ રોગો અંગે ચર્ચા કરવામાં આવી હતી. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સારા આરોગ્ય માટે યોગ્ય અને સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ તથા સકારાત્મક વિચારધારા અપનાવવી અત્યંત જરૂરી છે.

આ પ્રસંગે ઈન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશન્સ વડોદરાના અધ્યક્ષ ડૉ. અરુણ ચોકશીએ માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત કારોબારી સભ્યો તેમજ નિસા ન્યુરો વેવના ડૉ. શરદ જૈન અને તેમની ટીમે પણ બેઠકમાં હાજરી આપી આરોગ્ય જાગૃતિ અંગે મહત્વપૂર્ણ સૂચનો આપ્યા હતા.

આ કાર્યક્રમ દ્વારા ઉપસ્થિત લોકોએ સ્વસ્થ જીવનશૈલી તરફ આગળ વધવાની પ્રેરણા મેળવી હતી.

દહેજમાં નોસિલનો રૂ. 250 કરોડનો વિસ્તરણ પ્રોજેક્ટ

રબર રસાયણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાને મળશે વેગ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

ભારતની અગ્રણી રબર રસાયણ ઉત્પાદક કંપની નોસિલ લિમિટેડ દ્વારા ગુજરાતના દહેજ ખાતે રૂ. 250 કરોડના રોકાણ સાથે અત્યાધુનિક પિલનોક્સ ટીડીક્યુ/ટીએમક્યુ ઉત્પાદન એકમના પ્રારંભની જાહેરાત કરવામાં આવી છે. આ વિસ્તરણ કંપનીની ઉત્પાદન ક્ષમતા વધારવા તેમજ દેશ અને વૈશ્વિક બજારમાં વધતી માંગને પહોંચી વળવા મહત્વપૂર્ણ સાબિત થશે.

નવા એકમમાં ઉત્પાદિત થનારા એન્ટી-ડિગ્રેડન્ટ રસાયણો ટાયરની ટકાઉપણું, કામગીરી અને સુરક્ષા માટે અત્યંત જરૂરી છે તેમજ નોન-ટાયર ઉદ્યોગોમાં પણ ઉપયોગી બનશે. દહેજ પેટ્રોલિયમ, કેમિકલ અને પેટ્રોકેમિકલ રોકાણ ક્ષેત્રમાં આવેલું આ એકમ કાચા માલની સરળ ઉપલબ્ધતા, સંકલિત ઔદ્યોગિક સુવિધાઓ અને બંદર જોડાણ દ્વારા પુરવઠા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવશે.

આ એકમ સુરક્ષા, સંચાલન શિસ્ત, ઊર્જા કાર્યક્ષમતા અને પર્યાવરણ પ્રત્યે જવાબદારી જેવા માપદંડોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવ્યું છે, જે કંપનીની લાંબા ગાળાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર આનંદ વી.એસ.એ જણાવ્યું હતું કે સપ્લાય વ્યવસ્થામાં થતા વૈશ્વિક ફેરફારો વચ્ચે મજબૂત ઘરઆંગણે ઉત્પાદન ક્ષમતાઓ વિકસાવવી જરૂરી છે. આ એકમ ઊર્જા બચત, જવાબદાર સંસાધન ઉપયોગ અને ઉચ્ચ ગુણવત્તાવાળી કામગીરીના ધોરણો સાથે તૈયાર કરવામાં આવ્યું છે. આ વિસ્તરણ સાથે નોસિલ લિમિટેડે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ભારતીય ઉત્પાદક તરીકે પોતાનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું છે અને રબર તથા મોબિલિટી ક્ષેત્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

CGCTCની છઠ્ઠી કાર્યકારી સમિતિ બેઠક દહાણુ ખાતે યોજાઈ, વિકાસલક્ષી મુદ્દાઓ પર વિચારવિમર્શ

2 મેના રોજ વડોદરામાં વાર્ષિક સામાન્ય સભા યોજવાનો નિર્ણય

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

સીજીસિટીસી (ચેમ્બર ઓફ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કન્સલ્ટન્ટ્સ) ની વર્ષ ૨૦૨૫-૨૬ની ૬મી કાર્યકારી સમિતિ બેઠક મહારાષ્ટ્ર રાજ્યના પાલઘર જિલ્લાના દહાણુ ખાતે આવેલ સી ક્રેસ્ટ બીચ રિસોર્ટમાં સફળતાપૂર્વક યોજાઈ હતી. કુદરતી સૌંદર્ય અને શાંતિપૂર્ણ વાતાવરણ વચ્ચે યોજાયેલી આ બેઠક યાદગાર બની રહી હતી.

બેઠકમાં પ્રમુખ એમેરિટસ ભાસ્કરભાઈ પટેલ, ભૂતપૂર્વ પ્રમુખો જગેશભાઈ શાહ, કૌશિકભાઈ વૈદ્ય, હિમાંશુભાઈ વાઘેલા અને વિજયભાઈ શાહ સહિત વર્તમાન પ્રમુખ દીપકભાઈ અમીન, સચિવ ધર્મેશભાઈ ગાંધી, ખજાનચી મનીષભાઈ શાહ, ઉપપ્રમુખ પ્રગ્નેશભાઈ ભગત, ઉપપ્રમુખ સીએ ફૈયાઝાન દબોઈવાલા, સંયુક્ત સચિવ જયેન્દ્રભાઈ રાણા તથા કલ્પેશભાઈ પટેલ સહિત અન્ય હોદ્દેદારો અને વિશેષ આમંત્રિત સભ્યો મળીને કુલ ૨૨ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં એજન્ડા મુજબ ચેમ્બરના વિકાસ, સભ્યોની સક્રિય ભાગીદારી અને આગામી કાર્યક્રમોની આયોજન બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ખાસ નોંધનીય છે કે કાર્યકારી સમિતિની બેઠક પ્રથમ વખત ગુજરાત રાજ્ય બહાર યોજાઈ હતી.

બેઠક દરમિયાન આગામી વાર્ષિક સામાન્ય સભા તા. ૦૨/૦૫/૨૦૨૬, શનિવારના રોજ વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલ મેડ ઓવર ગ્રિલ્સ રેસ્ટોરન્ટ અને બેન્ક્વેટ હોલ ખાતે યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠક સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

200 મીટરની હદમાં 'નો પોલિટિકલ ઝોન' કાપલી લખવા પર રોક

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા જિલ્લામાં 4 નગરપાલિકા, 8 તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી આયોગે કાર્યક્રમ જાહેર કરતા જ આદર્શ આચારસંહિતા અમલમાં આવી છે. ચૂંટણી નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એસ. પટેલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023ની કલમ 163 હેઠળ પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડ્યું છે. 26 એપ્રિલ 2026ના મતદાન દિવસે શહેર પોલીસ હદ બહારના વિસ્તારોમાં મતદાન મથકથી 200 મીટરની અંદર કોઈ રાજકીય કેમ્પ, મંડપ કે જમાવડો રાખવાની મનાઈ રહેશે. ઉમેદવારોના સમર્થકો મતદારોને કાપલી લખી આપતા કે ક્રમ નંબર શોધી આપતા હોય છે, પરંતુ આ વખતે આવી પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે. આ પગલાનો હેતુ મતદાન મથકો પાસે ભીડ ટાળવાનો અને મતદારોને દબાણમુક્ત વાતાવરણમાં મતદાન કરવાની સુવિધા આપવાનો છે. આ આદેશનો ભંગ કરનાર સામે કડક કાનૂની કાર્યવાહી થશે.

નેત્રંગની ચાસવડ દૂધ મંડળીમાં કરોડોનું કૌભાંડ

પૂર્વ પ્રમુખ-ઉપપ્રમુખ સહિત 17 સભ્યો પાસેથી રૂ.1.69 કરોડની વસૂલાતના હુકમ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.8

ભરૂચ જિલ્લાના પૂર્વભાગમાં આવેલ નેત્રંગ તાલુકાની ચાસવડ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં આર્થિક ગેરરીતિના ગંભીર કેસમાં જિલ્લા રજિસ્ટ્રારે મોટી કાર્યવાહી કરતા ખળભળાટ મચી ગયો છે. મંડળીના પૂર્વ પ્રમુખ, ઉપપ્રમુખ સહિત 17 હોદ્દેદારો પાસેથી રૂ.1.69 કરોડની રકમ 10 ટકા વ્યાજ સાથે વસૂલવાનો હુકમ કરતા ફફડાટ ફેલાઈ ગયો છે.

જિલ્લા રજિસ્ટ્રારની તપાસમાં ખુલ્યું કે વર્ષ 2022-23 અને 2023-24ના ઓડિટ દરમિયાન મંડળી વ્યવસ્થાપક સમિતિ દ્વારા રાજ્ય રજિસ્ટ્રારના પરિપત્રનું ઉલ્લંઘન કરી ખોટા ખર્ચ અને ગેરકાયદે ગિફ્ટ વહેંચવામાં આવી હતી. તપાસ અધિકારી પી.એચ. વાઘેલાએ કલમ 93 હેઠળ કરેલી તપાસમાં મંડળીને કુલ રૂ.3.19 કરોડથી વધુનું નુકસાન થયું હોવાનું બહાર આવ્યું હતું. જે પૈકી રૂ.1,69,85,877નો સીધો આર્થિક ગેરવહીવટ હોદ્દેદારોની અંગત મનસ્વીતાને કારણે થયો છે.

જિલ્લા રજિસ્ટ્રારે તા. 6 એપ્રિલ 2026ના રોજ આ હુકમ કરતાં જણાવ્યું છે કે તમામ 17 હોદ્દેદારોએ 30 દિવસની અંદર પોતપોતાના હિસ્સાની રકમ મંડળીમાં જમા કરાવવી. આ સમયગાળામાં રકમ ન ભરવામાં આવે તો કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે એમ લેખિતમાં જણાવ્યું છે. આ હુકમથી સહકારી ક્ષેત્રમાં ખળભળાટ મચી ગયો છે અને પશુપાલકોના નાણાંનો દુરુપયોગ કરનારાઓ સામે તે દાખલારૂપ ચુકાદો ગણાઈ રહ્યો છે.

જવાબદાર હોદ્દેદારો

1) કવિભાઈ કાંતિભાઈ વસાવા
2) અરવિંદભાઈ વેચાણભાઈ વસાવા
3) શંકરભાઈ ચીમનભાઈ વસાવા
4) હુનીયાભાઈ ગામીયાભાઈ વસાવા
5) પ્રવીણભાઈ રામજીભાઈ વસાવા
6) રંજનબેન રમેશભાઈ વસાવા
7) વસંતાબેન અરવિંદભાઈ વસાવા
8) અર્જુનભાઈ દેવજીભાઈ વસાવા
9) ઉત્તમભાઈ રવિયાભાઈ વસાવા
10) રાયમલભાઈ સાતલિયાભાઈ વસાવા
11) નારણભાઈ સોમાભાઈ વસાવા
12) રાકેશભાઈ કાસમભાઈ ચૌધરી
13) કાલુસિંગ ફતેસિંગ વસાવા
14) રાકેશભાઈ જેઠાભાઈ વસાવા
15) ઠાકોરભાઈ જેઠીયાભાઈ વસાવા
16) ગણેશભાઈ સવીલાલ વસાવા
17) વજુબેન ચંપકભાઈ વસાવા

મતદાન 48 કલાક અગાઉથી રાજકીય SMS પર પ્રતિબંધ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

રાજ્ય ચૂંટણી આયોગે વડોદરા જિલ્લામાં ચાર નગરપાલિકા, આઠ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે. મતદાન તા. ૨૬/૦૪/૨૦૨૬ના રોજ સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી યોજાશે અને મતગણતરી તા. ૨૮/૦૪/૨૦૨૬એ થશે. સમગ્ર વિસ્તારમાં આદર્શ આચારસંહિતા અમલમાં મુકાઈ છે.

ચૂંટણી દરમિયાન આચારસંહિતાનો ભંગ અટકાવવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કલમ ૧૬૩ હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. તેના મુજબ, પોલીસ કમિશનર વિસ્તાર સિવાય જિલ્લાના તમામ ચૂંટણી વિસ્તારોમાં રાજકીય પ્રકારના SMS મોકલવા પર પ્રતિબંધ મૂકાયો છે. આ પ્રતિબંધ તા. ૨૪/૦૪/૨૦૨૬ સાંજે ૬ વાગ્યાથી મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી લાગુ રહેશે. માત્ર SVEEP કાર્યક્રમ અંતર્ગત મતદારોને જાગૃત કરવા મોકલાતા SMSને છૂટછાટ છે. નિયમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી થશે.

ગોત્રી ગાર્ડનમાં પ્લાસ્ટિક બોટલના નિકાલ માટે 'કલેક્શન કેજ' મુકાયા

વડોદરાને સ્વચ્છ અને હરિયાળું બનાવવા પાલિકા અને રોટરી ક્લબનો સંયુક્ત પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

શહેરમાં પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતા અભિયાનને વધુ વેગ આપવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા એક પ્રશંસનીય કદમ ઉઠાવવામાં આવ્યું છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા લોકપ્રિય ગોત્રી ગાર્ડન ખાતે મુલાકાતીઓ દ્વારા ફેંકવામાં આવતા પ્લાસ્ટિકના કચરાના ઉકેલ માટે ખાસ પ્રકારના "પ્લાસ્ટિક બોટલ કલેક્શન કેજ" સ્થાપિત કરવામાં આવ્યા છે.

આ પ્રોજેક્ટ વડોદરા મહાનગરપાલિકા અને રોટરી ક્લબના વિશેષ સહયોગથી સાકાર કરવામાં આવ્યો છે. રોટરી ઈન્ટરનેશનલ અને સ્થાનિક ક્લબ દ્વારા કરવામાં આવેલી આ પહેલ માત્ર એક સુવિધા નથી, પરંતુ સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટેનો એક પ્રેરણાસ્રોત બની રહેશે. સામાન્ય રીતે જાહેર બગીચાઓમાં મુલાકાતીઓ પાણી કે ઠંડા પીણાં પીધા બાદ પ્લાસ્ટિકની બોટલો ગમે ત્યાં ફેંકી દેતા હોય છે. આના કારણે બગીચાની પ્રાકૃતિક સુંદરતા જોખમાય છે. પર્યાવરણ માટે ગંભીર જોખમ ઊભું થાય છે. કચરાના યોગ્ય નિકાલના અભાવે ગંદકી ફેલાય છે. આ સમસ્યાના કાયમી ઉકેલરૂપે તૈયાર કરવામાં આવેલા આ ખાસ લોખંડી સ્ટ્રક્ચર (કેજ) ને કારણે હવે ગાર્ડનમાં આવતા નાગરિકો પોતાની ખાલી બોટલ્સ જવાબદારીપૂર્વક એક જ સ્થળે જમા કરાવી શકશે. એકત્રિત થયેલ તમામ પ્લાસ્ટિકને રિસાયક્લિંગ માટે મોકલવામાં આવશે, જેનો વૈજ્ઞાનિક ઢબે પુનઃઉપયોગ કરવો સરળ બનશે. આ સ્ટ્રક્ચર પર "કચરો અહીં નાખો - પર્યાવરણને બચાવો" જેવા પ્રેરણાદાયી સંદેશાઓ લખવામાં આવ્યા છે, જે લોકોમાં કુદરત પ્રત્યે સંવેદનશીલતા કેળવશે. ગાર્ડન પરિસરમાં કચરો ફેલાવાની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળશે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૧૦૧૬૮૬૧૫૦	લોન સામે મિલકત	૧. સોલંકી વનરાજસિંહ ૨. સોલંકી ભાવનાબેન	૨૮.૦૩.૨૦૨૬	રૂ.૬,૮૭,૬૮૫.૯૨/–

મિલકત સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ગામતળ ની જમીન ના રહેણાંક ના પાકા ઘર ના ગામ નો મિલકત નં. ૧૦૪/૨, મિલકત એરીયા ૯૬૦.૦૦ ચો.ફુટ ગામ લટાવા, તા.દેસાર,જી.વડોદરા, ગુજરાત–૩૯૧૫૩૦ ખાતે આવેલ છે.**જેની ચર્તુદિશા : પૂર્વ તરફ** : જાહેર રોડ, **પશ્ચિમ તરફ** : વાડો,**ઉત્તર તરફ** : જાહેર રોડ,**દક્ષિણ તરફ** : સોલંકી લક્ષ્મણસિંહ પરવતસિંહ નુ ઘર આવેલ છે.

આથી તમને **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૦૭.૦૪.૨૦૨૬
સ્થળ : વડોદરા,ગુજરાત

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ
Aadhar Housing Finance Ltd
કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. 802, નટરાજ રુસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-400069
ગોધરા શાખા: શોપ નં. 3, પ્રથમ માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બામરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત-389001

ઈ-હરાજી - વેચાણ નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 (6) ની જોગવાઈઓ સાથે વાંચતા.
જાહેર જનતાને અને ખાસ કરીને દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ)ને આથી નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત ગીરવે મૂકેલી છે, જેનો કબજો આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ", અને "જે કંઈ પણ છે" ના ધોરણે કોઈપણ અજ્ઞાત બોજા વગર વેચવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છે:

ક્રમ	દેવાદાર(ઓ) / સહ-દેવાદાર(ઓ) / જામીનદાર(ઓ)	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	રિઝર્વ પ્રાઇસ (RP)	EMD (RP ના 10%)	કબજાનો પ્રકાર
1	(લોન કોડ નં. 17610000156 / ગોધરા શાખા) અફસાના ફરીદ શેખ (દેવાદાર) ફરીદ ઈબ્રાહિમ શેખ (સહ-દેવાદાર)	09-09-2025 & ₹ 15,89,782/-	પ્લોટ નંબરઃ 36 પૈકી પશ્ચિમ બાજુ, ખાડીફાડીયા હુસેની મસ્જિદ રોડ, પ્લોટ નંબરઃ 36 પૈકી, ગોધરા પંચમહાલ ગુજરાત 389001 પર આવેલી જી.એફ (ગ્રાઉન્ડ ફ્લોર), એફ.એફ (ફર્સ્ટ ફ્લોર) મિલકતનો તમામ ભાગ અને પાર્સલ. સીમાઓ: પૂર્વ - પ્લોટ નં. 36 નો ભાગ, પશ્ચિમ - 20' ફૂટ પહોળો રસ્તો, ઉત્તર - બાંધકામ કરેલ દુકાન, દક્ષિણ - પ્લોટ નં. 35	Rs. 15,14,592/-	Rs. 1,51,459/-	ભૌતિક

1. અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)નો ડીડી (DD) તેમજ KYC, ટેન્ડર ફોર્મ અને સ્વીકૃત નિયમો અને શરતો (ટેન્ડર દસ્તાવેજો) સબમિટ કરવાની છેલ્લી તારીખ 28-04-2026 સાંજે 5:00 વાગ્યા સુધીમાં ઉપર જણાવેલ શાખા કચેરીના સરનામે અથવા https://bankeauctions.com પર અપલોડ કરવાની રહેશે. અંતિમ તારીખ પછી મળેલા ટેન્ડર દસ્તાવેજો અમાન્ય ગણાશે અને તે મુજબ નકારી કાઢવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
2. મિલકત માટે બિડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ) 29-04-2026ના રોજ https://bankeauctions.com પર બપોરે 03:00 થી 04:00 વાગ્યા દરમિયાન છે.
3. ઉપર જણાવ્યા મુજબ મિલકત પર બાકી રહેલી કોઈપણ જવાબદારીઓ માટે AHFL જવાબદાર નથી. મિલકતની હરાજી 'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' અને 'જે કંઈ પણ છે'ના ધોરણે કરવામાં આવશે.
4. ડિમાન્ડ ડ્રાફ્ટ માત્ર 'Aadhar Housing Finance Limited'ના પક્ષમાં જ બનાવવો જોઈએ.
5. હરાજી/બિડિંગ માત્ર વેબસાઈટ https://bankeauctions.com દ્વારા "ઓનલાઈન ઈલેક્ટ્રોનિક બિડિંગ" દ્વારા કરવામાં આવશે. બિડર્સને ઈ-હરાજી વેચાણ પ્રક્રિયામાં ભાગ લેતા પહેલા વિગતવાર શરતો માટે વેબસાઈટ જોવાની સલાહ આપવામાં આવે છે.
6. ઈચ્છુક બિડર્સે પોર્ટલ M/s C 1 INDIA PVT LTD પર લિંક https://bankeauctions.com/registration/signup દ્વારા તેમના નામ રજીસ્ટર કરવા જોઈએ, અને તેમના યુઝર આઈડી અને પાસવર્ડ મફતમાં મેળવવા જોઈએ. સંભવિત બિડર સર્વિસ પ્રોવાઈડર M/s C 1 INDIA PVT LTD પાસેથી વેબસાઈટ https://bankeauctions.com દ્વારા ઈ-હરાજી અંગે ઓનલાઈન તાલીમ મેળવી શકે છે.
7. વધુ વિગતો માટે આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી, અમિતકુમાર સોની (સંપર્ક નં. 9913333214) અથવા સર્વિસ પ્રોવાઈડર M/s C1 INDIA PVT LTD, મિસ્ટર પ્રભાકરણ, મોબાઈલ નં: +91-74182-81709, ઈ-મેલ: tn@c1india.com અને support@bankeauctions.com, ફોન નં. +917291981124 /25 /26 નો સંપર્ક કરો. આજની તારીખ સુધી, AHFL/AHFLના અધિકૃત અધિકારીને ઉપરોક્ત સ્થાવર મિલકતો/સુરક્ષિત અસ્કયામતો વેચવા, ટ્રાન્સફર કરવા અને/અથવા નિકાલ કરવાથી અટકાવતો કોઈ સ્ટે ઓર્ડર અને/અથવા કોર્ટનો મનાઈ હુકમ નથી.
8. વેચાણની વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (AHFL), સુરક્ષિત લેણદારની વેબસાઈટ એટલે કે www.aadharhousing.com પર આપવામાં આવેલી લિંકનો સંદર્ભ લો.
9. હરાજી માટે બિડમાં વધારો કરવાની રકમ (Incremental Amount) રૂ. 10,000/- છે.
10. આ અખબાર પ્રકાશન અને તેમાં રહેલો ડેટા સામાન્ય જનતાના પ્રસાર માટે છે. આ સામગ્રીનું કોઈપણ પુનઃઉત્પાદન, વિતરણ, પ્રસારણ અથવા પુનઃપ્રકાશન, સંપૂર્ણ અથવા અંશતઃ, કોઈપણ સ્વરૂપમાં અથવા કોઈપણ માધ્યમ દ્વારા, પછી તે પ્રિન્ટ, ડિજિટલ, ઈલેક્ટ્રોનિક પ્રકાશન, ઈ-મેલ અથવા વેબ પ્રકાશન હોય, અથવા અન્ય કોઈપણ રીતે સખત પ્રતિબંધિત છે. કોઈપણ માધ્યમ દ્વારા ઉપરોક્ત સામગ્રીનો કોઈપણ અનધિકૃત ઉપયોગ AHFL દ્વારા યોગ્ય કાનૂની કાર્યવાહીમાં પરિણમી શકે છે.

સ્થળ: ગુજરાત
તારીખ: 09.04.2026

સહી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ